ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

શિક્ષક દિનની ઉજવણી

આર.જે. પટેલ અને એસ.બી. પટેલ શાળા

શાળામાં શનિવારે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં શિક્ષક દિનની ઉજવણી ખૂબ જ ઉલ્લાસ પૂર્વક કરી હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણકાર્ય કરાયું હતું. શાળામાં નિબંધ, વકતૃત્વ તથા ચિત્ર સ્પર્ધા તથા વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં શાળાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની કુલ ૩૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો તથા ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણકાર્યમાં કુલ ૯૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તે તમામને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરાયા હતા. માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે ધ્રુવી પરમાર, દ્વિતિય ક્રમે ધ્રુવી પટેલ, તૃતીય ક્રમે પ્રિયાંશી ફુલતરીયા જયારે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે જયશ્રીબા ચાવડા, દ્વિતિય ક્રમે ભવ્યા પટેલ તથા તૃતીય ક્રમે પ્રિયાંશી પ્રજાપતિએ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કર્યા હતા.

બીબીએ કોલેજ

ઓનલાઈન માધ્યમથી કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું. ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં કોલેજના ૬૮ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓની તૈયારી ઉડીને આંખે વળગે તેવી હતી. કોલેજ પરિવાર તરફથી સૌને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ડૉ. શીતલ પટેલ, પ્રો. ગોપી પંડયા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.

સરકારી વાણિજ્ય કોલેજ

કોલેજના વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં શિક્ષકની ભૂમિકા ભજવી કન્ટેન્ટ તૈયાર કરી વિવિધ વિષયોનું અધ્યયન કર્યું હતું. વિદ્યાર્થીઓએ શિક્ષક દિન વિશે પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. શિક્ષક ઉપર એક અભિનય તેમજ સ્વરચિત કાવ્ય પઠન પણ કર્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. એ.એન. સૂતરિયાએ શિક્ષક દિનની ઉજવણીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું અને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડૉ. એસ.એમ. ભાદાણી તથા ડૉ. ડી.એન. મકુમએ કર્યું હતું.

સિધ્ધાર્થ લો કોલેજ

સિધ્ધાર્થ લૉ કોલેજમાં શિક્ષકદિનની ઓનલાઈન/ઓફલાઈન મોડમાં ઉજવણી કરી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્થાનકવાસી જૈન સમુદાયના પર્યુષણનો પ્રારંભ

સે-૨૨માં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ખાતે અનેક વિધ ધાર્મિક કાર્યક્રમોનાં આયોજન

ગાંધીનગર, તા.૫

સ્થાનકવાસી જૈનોના પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ થઈ ગયો છે અને સંવત્સરી મહાપર્વ તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ તપ ત્યાગથી પુર્ણાહુતિ ઉજવાશે. પર્યુષણમાં આઠેય દિવસ આ પર્વની શાનદાર ઉજવણીનું આયોજન ગાંધીનગરના શ્રી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સે-૨૨માં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ખાતે ચાલુ વર્ષે અજરામર સંપ્રદાયના બા.બ્ર. પ.પૂ. વંદિતાજી મહાસતીજી આદિ ઠાણાનું ચાતુર્માસ પ્રાપ્ત થયું છે.

ગાંધીનગરમાં રોડ નં. ૬ નજીક સે.૨૨માં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ખાતે પર્યુષણ પર્વ નિમિત્તે દરરોજ વહેલી સવારે રાયસી પ્રતિક્રમણ, સવારે ૯ વાગે ભકતામર પ્રાર્થના અને પ્રેમચંદભાઈ લોઢા તરફથી તરફથી પ્રભાવના, ત્યારબાદ સવારે ૯.૩૦ થી ૧૧ સુધી બાલ બ્રહ્મચારી સાધ્વીઓ પૂ. રોશનીજી મહાસતીજી અને પૂ. વંદિતાજી મહાસતીજી વિવિધ વિષયો ઉપર પ્રેરક વ્યાખ્યાન આપશે. વ્યાખ્યાન બાદ જુદા જુદા સદગૃહસ્થો તરફથી પ્રભાવના કરવામાં આવશે. દરરોજ બપોરે ૩ થી ૪.૩૦ દરમ્યાન પણ પૂ. મહાસતીજી વિવિધ ધાર્મિક રમતો સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન છે. દરરોજ બપોરના કાર્યક્રમ બાદ રાયસણના ઉર્મિલાબેન દિનેશભાઈ શાહ તરફથી કરવામાં આવશે. દરરોજ સાંજે ૭ થી ૮.૩૦ ભાઈઓ અને બહેનોનું પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ દિવસ દરમ્યાન સામાયિક, પૌષધ, નવકારમંત્રના અખંડ જાપ વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે શ્રી સંઘના સભ્યોને ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે લાડવા-સેવની શેષ સ્વ. હકમીચંદ તારાચંદ ઝાટકીયાના સ્મરણાર્થે સ્વ.જયસુખલાલ ઝાટકીયા તથા અનંતરાય ઝાટકીયા તરફથી વહેંચવામાં આવશે. શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય તા.૧૯મી સપ્ટેમ્બર રવિવારે સવારે જુદા જુદા સભ્યોના સૌજન્યથી યોજવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચાતુર્માસમાં દર સોમવારે યુવાન યુવક યુવતીઓની યુવા શિબિર યોજાય છે. દર મંગળવારે મલ્લિ ભગવતી મહિલા મંડળની બહેનોની બેઠક યોજાય છે. દર ગુરુવારે બપોરે નારી સંસ્કાર શિબિરમાં પૂ. રોશનીજી મહાસતીજી બહેનોને ધાર્મિક જ્ઞાન આપે છે અને ભાગ લેનાર બહેનોની અનુમોદના સે.૨૭ના બસંતાબેન સુરેશકુમાર ચોરડીયા તરફથી કરવામાં આવે છે. દર રવિવારે જૈન શાળાના બાળકોને ધાર્મિક જ્ઞાન આપવામાં આવે છે અને તેમની અનુમોદના વિવિધ સભ્યો અને શ્રી સંઘ દ્વારા કરવામાં આવે છે. પૂ. રોશનીજી મહાસતીજીના પ્રેરક વ્યાખ્યાન, પૂ. કાવ્યાનશીજી મહાસતીજી ના ભાવવાહી સ્તવનો અને પૂ. વંદિતાજી મહાસતીજી ના આશીર્વચન થી સૌ પ્રભાવિત છે. પર્યુષણની ઉજવણી માટે શ્રી સંઘના પ્રમુખ આર.ડી.ગાંધી સહિત અન્ય હોદ્દેદારો અને કારોબારીના સભ્યો ઉત્સાહથી આયોજન કરી રહ્યાં છે.

તપસ્વીઓની તપસ્યાનો પણ મંગલ પ્રારંભ

શહેરના સ્થાનકવાસી જૈન તાજેતરમાં હેતલબેન સંજયભાઈ શાહે ૯ ઉપવાસની આરાધના પૂર્ણ કરી છે, જયારે લીલાબેન અરવિંદભાઈ લોઢાની ૧૧ ઉપવાસની આરાધના ચાલુ છે અને દર્શનાબેન પ્રકાશભાઈ મહેતાને ૧૬ ઉપવાસની આરાધના કરવાના ભાવ છે. આમ શ્રી સંઘમાં તપસ્યાનો પણ મંગલ પ્રારંભ થઈ ગયો છે.

‘સ્મિત મ્યુઝીક બેબી જીયા પ્રમોટીંગ શૉ’

ગાંધીનગર, તા.૫

વૃંદાવન સ્વીટના ચેતન સુખડીયાની નાની ગુડિયા દીકરીનો ‘મેરે પાપા’ ટાઈટલથી ટ્રીબ્યુટ અપાતો એફબી શૉ યોજાયો હતો. આ એફબી શૉમાં બેબી જીયાએ પાપા મેરે પાપા ગીત, ચાંદને પુછા તારો સે સબસે પ્યારા કોન હૈ પાપા... વગેરે ગીતમાં તેના ભીના ભીના સુરથી સહુની આંખો ભીંજવી દીધી હતી તથા સોલો શૉમાં ખૂબ ઝળકી હતી. સહુ દર્શકોએ જીયાને આશીર્વાદ અને શુભેચ્છાઓ આપી હતી.

શિવશકિત મંદિર સે-૩ ન્યુ ખાતે આનંદનો ગરબો

શિવશકિત મંદિર સે-૩ ન્યુ ખાતે સેકટરની બહેનો દ્વારા આનંદનો ગરબો રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહી લાભ લીધો હતો. વોર્ડ નં.૯ના ભાજપના ઉમેદવારો રાજુભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, ડૉ. સંકેત પંચાસરા, અલ્પાબેન પટેલે હાજર રહી સૌના ઉત્સાહમાં વધારો કર્યો હતો. શિવ શકિત મંદિર પરિવાર સાથે સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવાયો હતો.

વાસણીયા મહાદેવ મંદિર ખાતે ‘સુંદરકાંડ પાઠ’નું આયોજન

ગાંધીનગર, તા.૫

વાસણીયા મહાદેવ મંદિર, વાસણા ખાતે આજરોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ‘સુંદરકાંડ પાઠ’નું આયોજન કરેલ છે. કળીયુગના હાજરા હજુર દેવ શ્રી હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતો સાધના સ્વરૂપ ‘સુંદરકાંડ પાઠ’નું આયોજન શ્રાવણ માસના છેલ્લા દિવસે રાખેલ છે. ભારતી બાપુની વ્યાસ પીઠે આયોજનમાં પધારવા વાસણીયા મહાદેવ મંદિર તરફથી સૌ નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૫

મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો રાખેલ છે. જે પરમાર ઈન્દુબેન પ્રિતેશકુમાર દ્વારા રાખવામાં આવેલ છે. શ્યામાપ્રસાદ મુખરજીનગર સોસાયટી, શિવાલયની સામે રિલાયન્સ ચોકડીથી આગળ, કુડાસણ, અક્ષત હેવનની સામે એ-૬૦૩ ખાતે છઠ્ઠા માળે આનંદનો ગરબો રાખેલ છે તો સર્વે ભકતોએ સોમવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું છે.

ગાંધીનગર રોટરી કલબ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૫

રોટરી કલબ ઓફ ગાંધીનગર ગિફટ સિટી દ્વારા રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. રોટરી કલબ ઓફ ગાંધીનગર ગિફટ સિટીના પ્રમુખ પ્રહરભાઈ અંજારીયાના નેજા હેઠળ આ કાર્યક્રમમાં કલબના સભ્યો ઉપરાંત ડિસ્ટ્રિકટની અન્ય કલબના સભ્યો સાથે સમાજના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં રોટરી કલબના એજી મધુરભાઈ પરીખ, રોટરી કલબના પ્રમુખ બાબા હરસોલિયા, જશવંતભાઈ ગાંધી, મધુર ડેરીના ડાયરેટર જયંતિભાઈ વઘાસિયા, આસિસ્ટન્ટ ડાયરેકટર ઓફ સ્પોર્ટસ ઓથોરિટીના હસમુખભાઈ સાવલિયા, રોટરી કલબ વાસણાના શકુનિભાઈ, યશ ભટ્ટ સહિત ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૧૦૦ જેટલા વૃક્ષો વાવીને પર્યાવરણ જતનનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલના પ્રિન્સિપાલ અનામિકા અંજારીયા અને સ્ટાફનો ઉત્તમ સહકાર મળ્યો હતો.

જન્મદિને વધામણી

મનીષા મનીષ ખત્રી
વૃંદા ડ્રેસીસ, ગાંધીનગર
મો. ૯૮૨૪૪ ૪૦૬૩૨

અનિલકુમાર કાંતિલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

વિક્રમ સુરેશભાઈ દેસાઈ
મો. ૯૦૫૪૧ ૮૪૮૭૮

પ્રજાપતિ વનિતાબેન એમ
મો. ૭૬૯૮૩ ૧૬૧૬૪

જેનિશ જયદીપભાઈ પટેલ

રસીકરણમાં પાટનગરનું કેન્દ્ર બનેલા સે-૨ને સતાવતી સમસ્યાઓથી મુક્તિની ઝંખના

સે-૨માં એક જ શોપિંગ સેન્ટર સાથે હવે ઈન્ફોસિટી સાથેનું કનેક્શન કપાવા ઉપરાંત અહીં પોસ્ટ ઓફિસ, લગ્નવાડી, રંગમંચ સહિત આંગણવાડીનો અભાવ સાલે છે : જાહેર સફાઈમાં લાલિયાવાડી અને ગેરકાયદેસર દબાણો સાથે વધી રહેલી અસમાજિક પ્રવૃતિઓ ચિંતાજનક

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના એકસાથે બે તરફના પ્રવેશદ્વાર ઘ-૦ અને ચ-૦ને સ્પર્શતું સેકટર-૨ કોરોના કાળમાં શહેરના ખૂબ વ્યસ્ત વિસ્તારો પૈકીનું એક છે. કોરોનાની પહેલી લહેરમાં જ આ સેકટરમાંથી સેવાકિય પ્રવૃતિઓ શહેરમાં નોંધપાત્ર કામગીરી પ્રસ્તુત કરી ચુકી છે, જયારે સેકટર-૨નું આરોગ્ય કેન્દ્ર બીજી લહેર સાથે શરૂ થયેલા કોવિડ રસીકરણમાં સાચા અર્થમાં પાટનગરનું કેન્દ્ર બની રહ્યું છે જ્યાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિતના બહારગામના લાભાર્થીઓ વેક્સિન લેવા પધારી ચુકયાં છે. અહીં વેક્સિનેશનમાં ઝડપી કાર્યવાહી સાથે વેક્સિન લેવા આવતા સિનિયર સિટિઝન્સ માટે તડકામાં ના ઉભા રહેવું પડે તે માટે મંડપથી માંડીને બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા સહિતની બાબતોનું ધ્યાન રાખીને આરોગ્ય કેન્દ્રના સ્ટાફે મેક્સિમમ વેક્સિનેશન સાથે સૌનું દિલ જીત્યું છે. આમ પણ આ સેકટરમાં સિનિયર સિટિઝન્સ ગૃપની પ્રવૃતિઓ પ્રેરણાદાયી રહી છે જેઓએ દરેક વડીલના આઈ-કાર્ડ્સ બનાવ્યાં છે જેમાં તેમના નામ-સરનામાં સહિત બ્લડગ્રુપ જેવી વિગતો આવરી લેવાઈ છે, જેથી મેડીકલ સહિત કોઈપણ ઈમર્જન્સીમાં તે કામ લાગી શકે. આમ તો આ સેકટર શહેરના સમૃદ્ધ સેકટરો પૈકીનું એક છે પરંતુ અહીં પણ કેટલીક સમસ્યાઓ વસાહતીઓને સતાવી રહી છે.

માત્ર સારું આરોગ્ય કેન્દ્ર જ નહીં પરંતુ અહીંયા નવનિર્મિત નયનરમ્ય બગીચો આકર્ષણનું કેન્દ્ર છે જેમાં નિયમિત યોગ પ્રાણાયામની પ્રવૃત્તિ ચાલી રહી છે. સેકટર-૨સીનો ગણેશ મહોત્સવ શહેરમાં ખૂબ જાણીતો છે તે જ રીતે અહીંનું સ્વામિનારાયણ મંદિર પણ ધાર્મિક આસ્થાના કેન્દ્ર હોવા સાથે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે. સેકટર-૨માં શોપિંગ સેન્ટર એક જ બનાવાયું છે, જોકે ઈન્ફોસિટી નજીક હોવાને કારણે વસાહતીઓને તેનો લાભ મળતો હતો પરંતુ હવે ઘ-૦ સર્કલે બનાવાયેલો ઓવરબ્રીજ ઈન્ફોસિટી અને સેકટર-૨ વચ્ચે આડશ બનીને ઊભો થઈ ગયો છે, અને ખાટલે મોટી ખોડ તો એ છે કે આ ઓવરબ્રિજ નીચેથી પેલી તરફ આવ-જા કરવા માટે બનાવાયેલું ગરનાળું એટલું સાંકડુ બનાવી દીધું છે કે બે ફોર-વ્હિલર્સ સામસામે આવી જાય તો મુશ્કેલી ઉભી થાય છે અને હવે કુડાસણ તરફ ઝડપથી વધી રહેલા વિકાસને પગલે અહીં ટ્રાફિકનું ભારણ દિનપ્રતિદિન વધવાનું જ છે. ટ્રાફિકની જ વાત કરીએ તો સેકટરના આંતરિક માર્ગો પર ઓવર સ્પીડિંગ કરતા વાહનચાલકોને નિયંત્રિત કરવા સ્પીડબ્રેકરની કમી વર્તાઈ રહી છે. સેકટરનું એકમાત્ર શોપિંગ સેન્ટર, બગીચો અને આરોગ્ય કેન્દ્ર પાસ પાસે હોવા સાથે શાકભાજી વિતરણ પણ ત્યાં જ થતું હોવાથી ટ્રાફિક અને આડેધડ પાર્કિંગની સમસ્યા સર્જાય છે. અહીં સેકટરની ફૂટપાથ પર પાર્કિંગ કરાતાં ટુ-વ્હિલર્સને કારણે વડીલ નાગરિકોને ફુટપાથ પર ચાલવાની તકલીફ પડે છે તેવી જ તકલીફ ચ-માર્ગ તરફની ફુટપાથે ટ્રીમીંગના અભાવે નમી પડેલી વૃક્ષોની ડાળીઓના કારણે પણ પડી રહી છે.

અન્ય સેકટરોની જેમ અહીં પણ રખડતા ઢોરની સમસ્યા તો છે જ પરંતુ તે સાથે જાહેર સફાઈનો અભાવ પણ વર્તાઈ રહ્યો છે. સેકટરનાં કોમન અને ખુલ્લા પ્લોટ્સની નિયમિત સફાઈ થતી નથી જેના કારણે જંગલી ઝાડી ઝાંખરાનું સામ્રાજ્ય છવાયું છે તો ક્યાંક કચરા માટેના ડસ્ટબીન કન્ટેનર્સની આસપાસ જ કચરાના ઢગ ખડકાયેલાં જોવા મળે છે. આ કારણે સાપ નીકળવાની ઘટનાઓ સહિત માખી-મચ્છરનો પણ ઉપદ્રવ વધી રહ્યો છે જેથી સેકટરમાં નિયમિત ફોગીંગ કરાવવું જરૂરી હોવાનું વસાહતીઓ માની રહ્યાં છે. નવનિર્મિત બગીચાની એક તરફ ત્રિકોણાકાર ખુલ્લા પ્લોટને અવાવરુ છોડી દેવાયો હોવાથી તેઓ ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ સહિતનું દબાણ વધી રહ્યું છે જેમાં અસમાજીક પ્રવૃત્તિઓ દિનદહાડે ફૂલીફાલી રહી છે. આમ પણ સેકટર-૨માં પોલીસ ચોકી નથી જેની વસાહતીઓ અપેક્ષા રાખી રહ્યાં છે. સિનિયર સિટિઝન્સનો મોટી સંખ્યામાં વસવાટ અને તેમની સકારાત્મક પ્રવૃતિઓ હોવા છતાં તેમના માટે પોસ્ટ ઓફિસની સુવિધાનો અભાવ ખૂંચી રહ્યો છે. આ સાથે સેકટર-૨માં લગ્નવાડી, રંગમચનો અને આંગણવાડીનો પણ અભાવ છે એટલું જ નહીં પરંતુ માધ્યમિક શાળા માટેની જગ્યા હોવા છતાં પણ માધ્યમિક શાળા બનાવવામાં આંખ આડા કાન કરાયાં છે. વળી પાયાની સુવિધા કહેવાય તેવી પાણીનો ફોર્સ ધીમો આવતો હોવાની સમસ્યા પણ સે.૨ડી અને સે.બીમાં કેટલાંક ભાગમાં નિયમિત અનુભવાય છે.

-પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

સે-૨માં માધ્યમિક શાળાની જગ્યા હોવા છતાં બનાવવામાં આવતી નથી જો તે બનાવાય તો સેકટર ૧ થી ૫ સહિત આજુબાજુના વિસ્તારમાં બાળકોને લાભ લઈ શકે તેમ છે. અહીં સામાજિક પ્રસંગો ઉજવવા લગ્નવાડી અથવા રંગમંચ નથી. ઈન્ફોસિટી ઘ-૦ થી સરગાસણ અને ચ-૦થી કોબા સર્કલ સુધી પોસ્ટ ઑફિસ માટે સેકટર-૨ યોગ્ય સ્થાન છે. માધ્યમિક શાળા અને પોસ્ટ ઓફિસ માટે કલેક્ટરના લોક દરબારથી માંડીને સ્થાનિક સાંસદ સુધી રજુઆત કરવામાં આવી છે.

- રાજેન્દ્ર આર. પારેખ
પ્રમુખ, સે.૨ વસાહત મંડળ

સેક્ટર-૨માં જાહેર સફાઈમાં બેદરકારીની સ્થિતિ ચિંતાજનક છે તેવી જ ચિંતાજનક બાબત વધતા જતા ગેરકાયદેસર દબાણો અને તેમાં ફુલી ફાલી રહેલી અસામાજિક પ્રવૃત્તિઓ છે. અમે સેક્ટર ફરતે દિવાલ બનાવવાનો વિરોધ કર્યો હતો કેમ કે તે હવે બિનજરૂરી છે, તંત્રએ બિનજરુરી ખર્ચા બંધ કરી જે જરુરી હોય તેવા ખર્ચ કરવાની જરૂર છે. અત્યારે ચાલી રહેલી કચરો વર્ગીકૃત કરીને આપવા સામે ડસ્ટબીનની માંગણીમાં અમે મનપા અને વસાહતીઓ વચ્ચે અડધો અડધો ખર્ચ ભોગવવાનું સૂચન કરીએ છીએ.

- પ્રમોદભાઇ દવે , અગ્રણી વરિષ્ઠ નાગરિક, સિનિયર સિટિઝન ગૃપ, સે.૨

મારું સેક્ટર મારી સમસ્યા
સમીર રામી